
રેસ્ટોરાં

# MAનાં સુરક્ષાનાં ધોરણો

"રેસ્ટોરાં"નો અર્થ છે એવી સંસ્થા જે સીટેડ ફૂડ સર્વિસ પૂરી પાડે છે, જે સાઇટ પર બનાવવામાં આવે અને 105 CMR 590.000 અનુસાર મ્યુનિસિપલ ઑથોરિટી દ્વારા જારી કરાયેલ રિટેઇલ ફૂડ પરમિટ હેઠળ કામ કરે.

## ફરજિયાત સુરક્ષાનાં ધોરણો




**સામાજીક અંતર**

ઇન્ડોર ટેબલ સર્વિસ માન્ય છે, પરંતુ રેસ્ટોરાંને આઉટડોર ટેબલ સર્વિસ દ્વારા શક્ય તેટલું સંચાલન કરી શકાય તે રીતે પોતાની કામગીરીઓ ગોઠવવા માટે પ્રોત્સાહન આપવામાં આવે છે અને ઇન્ડોર ટેબલ સર્વિસ કડકપણે સીમિત રાખવા માટે ભલામણ કરવામાં આવે છે, જેથી સામાજિક અંતરની આવશ્યકતાઓનું અસરકારક પાલન થઈ શકે અને મર્યાદિત જગ્યાઓની અંદર પ્રવૃત્તિઓ સીમિત કરી શકાય

ગ્રાહકોને બેસવાની બધી જગ્યાઓમાં ડાઇનિંગ સેવાઓ પૂરી પાડવા માટે રેસ્ટોરાં જે તે વિભાગ માટેના વિશિષ્ટ સામાજિક અંતરના નિયમોનું પાલન કરે તે અનિવાર્ય છે:

- ટેબલો એવી રીતે ગોઠવવાનાં રહેશે, જેથી અન્ય તમામ ટેબલો અને વધુ અવરજવરવાળી ટ્રાફિકની જગ્યાઓથી ઓછામાં ઓછા 6 ફૂટનું અંતર રહે (દા.ત. બાથરૂમ, પ્રવેશદ્વારો, ઍક્ઝિટના માર્ગો); જો રક્ષણાત્મક / બિનછિદ્રાળુ આડશો કે જે ટેબલો અને વધુ અવરજવરવાળા ટ્રાફિકના વિસ્તારોથી 6 ફૂટ કરતાં વધુ ઊંચાઈએ બેસાડેલ ન હોય તેના દ્વારા અલગ કરવામાં આવેલ હોય (દા.ત. માળખાકીય દીવાલો અથવા પ્લૅક્સિ-ગ્લાસ ડિવાઇડર્સ) તો ટેબલોને નજીક રાખી શકાશે
- એક ટેબલ પર બેઠેલ પાર્ટીનું કદ 6 વ્યક્તિઓ કરતાં વધી શકશે નહિ
- રેસ્ટોરાં બારમાં કોઈ ગ્રાહકોને બેસાડી શકશે નહિ, પરંતુ કોઈ પણ લાગુ પડતી બિલ્ડિંગ અને આગ સંબંધિત સંહિતાની આવશ્યકતાઓને આધીન બારના વિસ્તારોની રચના એવી રીતે ફરીથી કરી શકાય, જેના કારણે ટેબલની એવી બેઠકોને સમાવી શકાય, જે આ COVID-19 સુરક્ષાનાં ધોરણોમાં બધી જગ્યા અને અન્ય આવશ્યકતાઓનું પાલન કરે
- બધા ગ્રાહકો બેઠેલા હોવા જોઈએ. ઊભેલા ગ્રાહકોને (દા.ત. બાર એરિયાની આસપાસ) ઇટ-ઇન સર્વિસ આપવાની મનાઈ છે.
- રેસ્ટોરાં કેરી-આઉટ અથવા ડિલિવરી સર્વિસ પૂરી પાડી શકે છે, પરંતુ ટેબલને અલગ કરવા, પાર્ટીની સાઇઝ અને આરોગ્ય અંગેનાં સુરક્ષાનાં બધાં ધોરણો એવા કોઈ પણ ઇન્ડોર કે આઉટડોર ટેબલ સીટિંગ માટે જાળવવાનાં રહેશે જે કેરી-આઉટ પૅટ્રન માટે ઉપલબ્ધ હોઈ શકે
- ખોરાક અને પીણાંની સેવાઓ માટે કામમાં ન લેવામાં આવતી અન્ય તમામ સુવિધાઓ અને વિસ્તારો (દા.ત. ડાન્સ ફ્લોર, પૂલ ટેબલ, રમતનાં મેદાન વગેરે) બંધ રાખવાનાં રહેશે

વ્યક્તિઓ (કામદારો, વિક્રેતાઓ અને ગ્રાહકો) વચ્ચે 6 ફૂટ કે તેથી વધુ અંતરની ખાતરી કરો, સિવાય કે તેનાથી કામના પ્રકાર અથવા કામની જગ્યાની સંરચનાના કારણે સુરક્ષાનું જોખમ ઊભું થતું હોય:

- કામદારો માટે કૉમન અને ભારે અવરજવરવાળા વિસ્તારો કે જ્યાં કામદારો ભેગા થવાની સંભાવના હોય એવા વિસ્તારો બંધ કરો અથવા ફરીથી તેની સંરચના સ્પષ્ટ કરો (દા.ત., બ્રેક રૂમ, ભોજનના વિસ્તારો) જેથી 6 ફૂટનું શારીરિક અંતર જાળવવું શક્ય બને; વર્ક સ્ટેશનોની ડિઝાઇન ફરીથી બનાવો જેથી શારીરિક અંતર જાળવવું શક્ય બને (દા.ત. અલગ અલગ ટેબલો, પ્રોસેસિંગ લાઇનની કોઈ એક બાજુ પર છૂટાછવાયાં વર્કસ્ટેશન રાખવાં, ડિસ્ટન્સ માર્કર્સનો ઉપયોગ કરો જેથી સ્પેસિંગની ખાતરી કરી શકાય, રસોડાના વિસ્તાર સહિત)
- શક્ય હોય તો સંપર્ક ઓછો કરવા માટે ફૂટ ટ્રાફિક માટે દિશાસૂચક હૉલવે અને પસાર થવાના રસ્તાઓ તૈયાર કરો (દા.ત. રેસ્ટોરાંમાં વન-વે પ્રવેશદ્વાર અને ઍક્ઝિટ). આ નીતિઓ વિશે સ્પષ્ટ રીતે દેખાય એવાં પાટિયાં મૂકો
- સામાન્ય વિસ્તારોમાં લાંબા સમય માટે કોઈની હાજરીની મનાઈ ફરમાવો (દા.ત. પ્રતીક્ષા માટેના વિસ્તારો, બાથરૂમો) અને ફ્લોર અને પાટિયાં પર ટેપ અથવા રંગ વડે 6 ફૂટની જગ્યાના માર્કિંગ દ્વારા કૉમન વિસ્તારોમાં સામાજિક અંતર જળવાય તેની ખાતરી કરો
- ગ્રાહકોની સન્મુખ આવતા બધા કામદારો (દા.ત. સર્વર્સ, બસ સ્ટાફ) વગેરે ગ્રાહકોથી 6 ફૂટના અંતરે વિતાવવામાં આવતા સમયને શક્ય તેટલો ઓછો કરે

છૂટાછવાયાં કામનાં સમયપત્રકો અને સ્ટાફનાં ભોજન અને વિરામના સમય રાખો, એક જગ્યાએ ભેગા થઈ શકે એવી મહત્તમ વ્યક્તિઓની સંખ્યાનું નિયમન કરો અને ઓછામાં ઓછા 6 ફૂટનું શારીરિક અંતર જળવાય તેની ખાતરી કરો

એક સમયે એકથી વધુ વ્યક્તિ દ્વારા સીમિત જગ્યાઓના ઉપયોગને શક્ય તેટલો ઓછો કરો (દા.ત. લિફ્ટ, વાહનો)

જ્યાં વ્યક્તિ રોગ અથવા વિકલાંગતાના કારણે ફેસ કવરિંગ પહેરી શકે તેમ ન હોય તે સિવાય બધા ગ્રાહકો અને કામદારો માટે બધા જ સમયે ફેસ કવરિંગ આવશ્યક કરવું

ટેબલો પર બેઠેલા હોવા દરમિયાન ગ્રાહકો ફેસ કવરિંગ દૂર કરી શકે છે

**ભલામણ કરાયેલ શ્રેષ્ઠ રીતભાતો**

સમગ્ર રેસ્ટોરાંમાં હલનચલન સીમિત કરવા અને કામદારોની વચ્ચે સંપર્ક સીમિત કરવા માટે જ્યાં શક્ય હોય ત્યાં કામદારો માટે ફાળવવામાં આવેલા વર્કિંગ એરિયાઝ નક્કી કરો (દા.ત. સર્વર્સને ચોક્કસ ક્ષેત્રો ફાળવવાં)



**આરોગ્ય પ્રોટોકોલ્સ**

બધા કામદારો પોતાના હાથ અવારનવાર ધુએ તે જરૂરી છે અને ટેબલ સર્વર્સ પ્રત્યેક ટેબલ પર સેવા આપવાની વચ્ચે પોતાના હાથ ધુએ અને હેન્ડ સૅનિટાઇઝર લગાડે તે જરૂરી છે

સાબુ અને નળના પાણી સહિત સાઇટ પર હાથ ધોવાની સુવિધાઓની સરળ પહોંચ મળે અને કામદારો હાથ વારંવાર ધોઈ શકે તે માટે તેઓને પૂરતો સમય મળે તેની ખાતરી કરો; ઓછામાં ઓછા 60% આલ્કોહૉલ સાથે આલ્કોહૉલ આધારિત હેન્ડ સૅનિટાઇઝર્સનો વિકલ્પ તરીકે ઉપયોગ થઈ શકે

ઓછામાં ઓછા 60% આલ્કોહૉલ સાથેનાં આલ્કોહૉલ આધારિત સૅનિટાઇઝર્સ પ્રવેશદ્વાર, ઍક્ઝિટ અને ભોજનના વિસ્તારમાં ઉપલબ્ધ કરાવવાં જોઈએ

કાર્યસ્થળના સ્થાને કામદારોને પૂરતી ક્લીનિંગ પ્રૉડક્ટ્સ પૂરી પાડો (દા.ત. સૅનિટાઇઝર, ડિસઇન્ફેક્ટિંગ વાઇપ્સ)

કામદારો અને ગ્રાહકોને આરોગ્ય અને સુરક્ષાના પ્રોટોકૉલ્સ અંગે યાદ કરાવવા માટે સમગ્ર સાઇટમાં દેખાય એવી રીતે પોસ્ટરો મૂકો

સૅલ્ફ-સર્વ, હાજરી વિનાના બૂફે, ટૉપિંગ બાર, ડ્રિન્ક સ્ટેશનો અને અન્ય સામાજિક સર્વિંગ એરિયાઝ બંધ રાખવાં

## ફરજિયાત સુરક્ષાનાં ધોરણો

### આરોગ્ય પ્રોટોકોલ્સ

મસાલાઓ અને તેના જેવાં ઉત્પાદો (દા.ત. મીઠું, મરી અને સલાડ ડ્રેસિંગ) ટેબલો પર પહેલેથી સેટ કરેલાં રાખવાં નહિ અને સિંગલ સર્વિંગ પૉર્શનમાં (દા.ત. વ્યક્તિગત પૅકેજ કે કપ) અથવા પ્રત્યેક ઉપયોગ વચ્ચે સૅનિટાઇઝ કરાતાં સર્વિંગ કન્ટેનરોમાં જ પૂરાં પાડવાં જોઈએ

મેનુમાં નીચેનામાંથી એક હોવું જોઈએ: 1) પેપર, એક વખતના ઉપયોગ માટેનાં મેનુ જેનો પ્રત્યેક ઉપયોગ બાદ નિકાલ કરવાનો રહેશે, 2) દર્શાવવામાં આવેલ મેનુ (દા.ત. ડિજિટલ, વ્હાઇટબૉર્ડ, ચૉકબૉર્ડ), 3) ઇલેક્ટ્રૉનિક મેનુ જે ગ્રાહકોનાં ફોન / મોબાઇલ ડિવાઇસ પર જોઈ શકાય

વાસણો અને સ્થળનાં સેટિંગ્ઝ એક વખતના વપરાશ માટેનાં હોવાં જોઈએ અથવા પ્રત્યેક ઉપયોગ બાદ તેમને સૅનિટાઇઝ કરવાં જોઈએ. વાસણોને રોલ કરવા કે પૅકેજ કરવા જોઈએ. ટેબલો એવી રીતે પ્રિ-સેટ કરવા ન જોઈએ, જેથી એક્સપોઝરની તક ઓછી થાય

ટેબલો અને ખુરશીઓ પ્રત્યેક સીટિંગની વચ્ચે સાફ કરવાં અને સૅનિટાઇઝ કરવાં જોઈએ

---

### સ્ટાફ અને કામગીરીઓ

જ્યારે શક્ય હોય ત્યારે આરક્ષણો અથવા કૉલ અહેડ સીટિંગને પ્રોત્સાહન આપવું જોઈએ. મેનેજરોએ ખાતરી કરવાની રહેશે કે ટેબલો માટે રાહ જોતા ડાઇનરોએ કોમન વિસ્તારોમાં ભેગા થવું ન જોઈએ અથવા લાઇનો બનાવવી ન જોઈએ

રિઝર્વેશન લેવા દરમિયાન અને જ્યારે વૉક-ઇન ગ્રાહકોને બેસાડતી વખતે રેસ્ટોરાંએ સંભવિતપણે સંપર્ક ટ્રેસ કરવા માટે પાર્ટીમાંની કોઈ વ્યક્તિનો ફોન નંબર પોતાની સાથે રાખવો જોઈએ

સીટિંગ ઉપલબ્ધ છે અથવા ઑર્ડર્સ તૈયાર છે એવા ઍલર્ટ પૂરા પાડવા માટે રેસ્ટોરાં ગ્રાહકોને બઝર્સ અથવા અન્ય સાધનો પૂરાં પાડી શકશે નહિ. રેસ્ટોરાંએ તેને બદલે સ્પર્શરહિત પદ્ધતિઓ, જેમ કે ઑડિયો જાહેરાતો, ટેક્સ્ટ મેસેજિંગ અને નિયત વિડીયો સ્ક્રીન કે કાળાં પાટિયાં પર નોટિસો વગેરેનો ઉપયોગ કરવો જોઈએ

સ્વચ્છતા જાળવવા તથા રોગનું પ્રસારણ ઘટાડવાના ઉદ્દેશ્યથી લેવાયેલાં અન્ય પગલાંઓ સહિત કામદારોને સુરક્ષાની અદ્યતન માહિતી અને તકેદારીઓ અંગે તાલીમ પૂરી પાડો, જેમાં નીચેનાનો પણ સમાવેશ થાય છે:

- સામાજિક અંતર, હાથ ધોવાની ક્રિયા, ફેસ કવરિંગની આવશ્યકતા તથા યોગ્ય ઉપયોગ
- ગ્રાહકોથી 6 ફૂટના અંતરની અંદર વિતાવવામાં આવતો સમય શક્ય તેટલો ઓછો કરવા માટે સર્વિંગ માટેની રીતભાતો બદલવી
- તાપમાન અથવા લક્ષણોની તપાસ સહિત ઘરે જાતે સ્ક્રીનિંગ
- એ બાબત દૃઢ કરવી કે સ્ટાફ બિમાર હોય તો કામ પર આવી શકશે નહિ
- જો લક્ષણો તીવ્ર બને તો તબીબી સારવાર ક્યારે મેળવવી
- પહેલેથી હોય એવો કયો રોગ વ્યક્તિઓને વાઇરસના સંક્રમણ સામે અને વાઇરસના ગંભીર કેસથી ગ્રસ્ત થવાના જોખમમાં મૂકી શકે

રેસ્ટોરાંના સંચાલકોએ કામના સ્થળે કલાકો અને શિફ્ટમાં ફેરફાર સાથેની વ્યવસ્થા કરવી જોઈએ, જેથી કામદારો વચ્ચે સંપર્ક બને તેટલો ઓછો થાય અને પ્રવેશદ્વારો પર ભીડ ઓછી થાય

સાઇટ પર મુલાકાતીઓ અને વિક્રેતાઓની સંખ્યા સીમિત કરો; શિપિંગ અને ડિલિવરીની પ્રક્રિયાઓ નિયત વિસ્તારોમાં પૂરી કરવામાં આવવી જોઈએ

જો કામદારોને બિમારી જેવું લાગતું હોય તો તેઓએ કામ પર આવવું જોઈએ નહિ

રેસ્ટોરાંએ નીચેની બાબતો સુનિશ્ચિત કરીને પ્રત્યેક શિફ્ટ પર કામદારોનું સ્ક્રીનિંગ કરવું જોઈએ:

- કામદાર તાવ (100.0 અને તેથી વધુ) અથવા ટાઢ, ખાંસી, શ્વાસ ચડવો, ગળામાં સોજો, થાક, માથાનો દુખાવો, સ્નાયુ/શરીરનો દુખાવો, નાક દદડવું/નાક જામ થવું, સ્વાદ કે ગંધની ક્ષમતા નવેસરથી જવી અથવા ઊબકા, ઊલટી કે ઝાડા જેવાં કોઈ લક્ષણો અનુભવતા ન હોય
- કામદાર COVID-19નું નિદાન થયેલ વ્યક્તિ સાથે "ઘનિષ્ઠ સંપર્ક"માં આવ્યા ન હોય. "ઘનિષ્ઠ સંપર્ક"નો અર્થ છે એવા ઘરમાં રહેવું જ્યાં COVID-19 માટે પૉઝિટિવ આવેલી વ્યક્તિ રહેતી હોય, એવી વ્યક્તિની દેખભાળ કરવી જેનો COVID-19 ટેસ્ટ પૉઝિટિવ આવ્યો હોય, જેમનો COVID-19 પૉઝિટિવ આવ્યાને 15 મિનિટ કે વધુ સમય થયો હોય એવી વ્યક્તિથી 6 ફીટના અંતરે હાજર હોવું, અથવા COVID-19નો જેમનો ટેસ્ટ પૉઝિટિવ આવેલ હોય એવી વ્યક્તિને લક્ષણો જણાયાં હોય તે દરમિયાન એવી વ્યક્તિનાં સ્રાવો (દા.ત., વાસણો શેઅર કરવાં, તેમના પર કોઈએ ખાંસી ખાધી હોય) સાથે સીધા સંપર્કમાં આવવું
- પોતાના ડૉક્ટર અથવા સ્થાનિક સાર્વજનિક સ્વાસ્થ્ય અધિકારી દ્વારા સ્વ-એકાંતવાસ અથવા ક્વોરન્ટીન થવા માટે કામદારને કહેવામાં આવ્યું ન હોય
- ઉપરના માપદંડો પૂરા કરવામાં નિષ્ફળ જતા કામદારોને ઘરે મોકલવાના રહેશે

બિમારીનાં ચિહ્નો દર્શાવતી કોઈ પણ વ્યક્તિને પ્રવેશ માટે મનાઈ ફરમાવવામાં આવી શકે છે

કામદારોને બિમારી જેવું લાગતું હોય તો તેઓ ઘરે રહે તે જરૂરી છે

જો નિયોજકને કાર્યસ્થળ પર પૉઝિટિવ કેસ અંગે જાણ કરવામાં આવે તો નિયોજકે કાર્યસ્થળ જ્યાં આવેલું હોય તે શહેર અથવા નગરના સ્થાનિક સ્વાસ્થ્ય બૉર્ડ (LBOH)ને જાણ કરવી જોઈએ અને સંભવિત સંપર્કોને એકાંતવાસ અને સૅલ્ફ-ક્વોરન્ટીન કરવાની સલાહ આપવા માટે વાજબીપણે કરાયેલી વિનંતી પ્રમાણે LBOHને સહાયતા કરવી જોઈએ. માર્ગદર્શન અનુસાર અને / અથવા LBOHની વિનંતી પર અન્ય કામદારોના પરીક્ષણની ભલામણ કરવામાં આવે છે

---

રેસ્ટોરાં

# MAનાં સુરક્ષાનાં ધોરણો

## ફરજિયાત
## સુરક્ષાનાં ધોરણો

**સ્ટાફ અને કામગીરીઓ**

કામદારોને જાણ કરવી કે જો તેઓનો કોવિડ-19 ટેસ્ટ પૉઝિટિવ આવે (તેઓને ઘરે એકાંતવાસમાં રાખવા જોઇએ) અથવા COVID-19 ધરાવતી કોઇ વ્યક્તિના નજીકના સંપર્કમાં આવ્યા હોવાનું જાણવા મળે તો તેઓ કામ કરી શકશે નહિ (તેઓને ઘરે ક્વોરન્ટીન કરવા જોઇએ)

કોમનવેલ્થના કાર્યસ્થળ પર સુરક્ષાના ફરજિયાત ધોરણોમાં આપેલી રૂપરેખા પ્રમાણે સ્વાસ્થ્યની અગત્યની માહિતી અને સુરક્ષાનાં સંબંધિત પગલાંઓ અંગે કામદારો અને ગ્રાહકોને નોટિસ પોસ્ટ કરવી

પ્રત્યેક શિફ્ટ માટે હવાલો સંભાળતી વ્યક્તિને (105 CMR 590) આ દસ્તાવેજમાં આપેલા નિર્દેશોના અમલીકરણ પર નજર રાખવા માટે ફાળવો

રેસ્ટોરાંને બહાર ભોજનની જગ્યા વધારવાની અનુમતિ આપવામાં આવે છે, જેમાં જ્યાં ઉપલબ્ધ હોય ત્યાં તથા જ્યાં મ્યુનિસિપાલિટીની મંજૂરી મેળવેલી હોય ત્યાં ચોક અને પાર્કિંગ લૉટનો પણ સમાવેશ થાય છે

સાઇટ પરની વધારાની સુવિધાઓ અને સેવાઓ ત્યારે જ ખૂલી શકે અને ઑપરેટ કરી શકે, જ્યારે તે સુવિધાઓ અથવા સેવાઓને અન્યથા કોમનવેલ્થના તબક્કાવાર રિઓપનિંગ પ્લાન હેઠળ ઑપરેટ કરવાની મંજૂરી મળી હોય અને ત્યારબાદ સુવિધા કે સેવાને લાગુ પડતા તમામ સૅક્ટરના સુરક્ષાના વિશિષ્ટ પ્રોટોકૉલ્સ કે જે રિઓપનિંગ પ્લાનની વેબસાઇટ પર ઉપલબ્ધ છે તેનું પાલન કરે તે અનિવાર્ય છે. ઉદાહરણોમાં આનો સમાવેશ થાય છે:

- પૂલ ટેબલો, ડાર્ટ અને અન્ય ઇન્ડોર ગેમો: બંધ રહે તે અનિવાર્ય છે
- સંગીત અને અન્ય પર્ફોમન્સ: થિએટર અને પર્ફોર્મન્સના સ્થળના લેટેસ્ટ નિર્દેશોનું પાલન કરવાનું રહેશે, જેમાં કલાકારો વચ્ચેનું અંતર અને કલાકારો તથા હાજર વ્યક્તિઓ વચ્ચે અંતર જાળવવાનો પણ સમાવેશ થાય છે. ઇન્ડોર સ્થળો પરના દેખાવોમાં ગાયન અથવા વિન્ડ કે બ્રાસ ઇન્સ્ટ્રુમેન્ટ વગાડવાનો સમાવેશ ન થાય તેમ બની શકે છે.
- ડાન્સ ફ્લોર્સ: તબક્કો 4 ન આવે ત્યાં સુધી બંધ રહેશે
- ભેટની દુકાનો: રિટેઇલ માટેના લેટેસ્ટ નિર્દેશોનું પાલન કરવાનું રહેશે

**ભલામણ કરાયેલ શ્રેષ્ઠ રીતભાતો**

વ્યક્તિ-વ્યક્તિ વચ્ચે આદાનપ્રદાન ઓછું કરવા માટે જ્યાં શક્ય હોય ત્યાં ટેકનૉલજિકલ ઉપાયોના ઉપયોગને પ્રોત્સાહન આપો (દા.ત., સંપર્કરહિત ચૂકવણી, મોબાઇલ ઑર્ડરિંગ, સીટિંગ માટે આગમન પર ટેક્સ્ટ મેસેજ)

સેન્ટર્સ ફૉર ડિસીઝ કન્ટ્રોલના અનુસાર જેઓના પર વિશિષ્ટપણે COVID-19નું વધુ જોખમ (દા.ત. ઉંમર અથવા પહેલેથી હોય એવા રોગને કારણે) હોય એવા કામદારોને ઘરે રહેવા માટે અથવા કામની સોંપણીની વૈકલ્પિક વ્યવસ્થા ગોઠવવા માટે આગ્રહ કરવામાં આવે છે

લક્ષણોની સ્વ-ઓળખ કરવા માટે અથવા જાણીતા કે શંકાસ્પદ COVID-19 કેસની કોઇ પણ નજીકના સંપર્ક અંગે નિયોજકને જાણ કરવા માટે કામદારોને ભારે આગ્રહ કરવામાં આવે છે

જેઓનો COVID-19 પૉઝિટિવ આવ્યો હોય એવા કામદારોને સફાઇ / રોગાણુનાશન અને કૉન્ટેક્ટ ટ્રેસિંગના હેતુઓ માટે નિયોજકને જાણ કરવા માટે આગ્રહ કરો

**સફાઇ અને રોગાણુનાશન**

રેસ્ટરૂમોમાં સામાન્યપણે સ્પર્શવામાં આવતી સપાટીઓ (દા.ત. ટૉઇલેટ સીટ્સ, ડોરનૉબ, સ્ટૉલ હૅન્ડલો, સિંક, પેપર ટુવાલ ડિસ્પેન્સર, સોપ ડિસ્પેન્સર)ને અવારનવાર અને CDCના નિર્દેશો અનુસાર સાફ કરો

જેમાં તારીખ, સમય અને સફાઇના વ્યાપનો સમાવેશ થતો હોય એવી સફાઇની નોંધવહીઓ રાખો

બહુ અવરજવર થતી હોય એવા વિસ્તારો અને બહુ સ્પર્શ થતો હોય એવી સપાટીઓમાં અવારનવાર રોગાણુનાશનની પ્રક્રિયા કરો (દા.ત. બારણાનાં નૉબ, લિફ્ટનાં બટન, દાદરા)

ઘરની પાછળના ભાગે સફાઇ / રોગાણુનાશન વધારવા માટેની કાર્યપ્રણાલીઓનો અમલ કરો. ડિસઇન્ફેક્ટન્ટ્સનો ઉપયોગ કરતી વખતે ખોરાકનો સંપર્ક થતો હોય એવી બધી સપાટીઓને ટાળો. ખોરાકનો સંપર્ક થતો હોય એવી સપાટીઓને આવી સપાટીઓ માટે મંજૂર કરાયેલ સૅનિટાઇઝરનો ઉપયોગ કરતાં પહેલાં સાફ કરવી જોઇએ અને સૅનિટાઇઝ કરવી જોઇએ. ખોરાકનો સંપર્ક ન થતો હોય એવી સપાટીઓને અવારનવાર સાફ કરવી જોઇએ

કામદાર, પૅટ્રન અથવા વિક્રેતાના અનુમાનિત અથવા વાસ્તવિક પૉઝિટિવ COVID-19 કેસની સ્થિતિમાં 24 કલાક માટે રેસ્ટોરાંને તાત્કાલિકપણે બંધ કરવી જોઇએ અને ત્યારબાદ ફરીથી ખોલતાં પહેલાં હાલના CDCના નિર્દેશો અનુસાર સાફ કરવી જોઇએ અને ડિસઇન્ફેક્ટ કરવી જોઇએ

**ભલામણ કરાયેલ શ્રેષ્ઠ રીતભાતો**

જ્યાં શક્ય હોય ત્યાં હવાનો પ્રવાહ વધારવા માટે બારીઓ અને બારણાં ખોલો